# દિલ્હીની દિશા દેશમાં પકડાશે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીજીના સ્વચ્છતા અભિયાનના નામે હાથમાં ઝાડુ લીધું તે ઝાડુ દિલ્હીની પ્રજાએ પકડી લીધું અને બીજેપીને એવી સાફ કરી, કોંગ્રેસ ઝીરો થઈ તેનું દુઃખ છે પરંતુ ભાજપના ચાર ચોકાવાળા પણ નહી આવતા તેનો આનંદ છે. એમ જણાવીને વિપક્ષી નેતાએ જણાવ્યું હતું કે દિલ્હીમાં જે પરિણામ આવ્યા છે અને પ્રજાએ જે કર્યુ તે આવતીકાલે આખો દેશ આ પ્રમાણે કરશે તેનું ધ્યાન તમે રાખજો.

ગુજરાત વિધાનસભા ગૃહમાં રાજ્યપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેવા વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ રાજ્ય સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે વાઈબ્રન્ટ સમીટમાં ગમે તેવા માણસોને બોલાવીને એમ.ઓ.યુ. કર્યા. એમ.ઓ.યુ.નો કોઈ બેઝ નહી વેરીફીકેશન નહી કર્યુ એના પરિણામે ૯ ટકા જેટલુ આટલા બધા રૂપિયા રોક્યા પછી ઈમ્પ્લીમેન્ટેક્ષન થવાનું હોય નોકરીઓમાં બેકારી વધવાની હોય તો ગુજરાતને કઈ રીતે તમે વિકાસશીલ કે રોજગારી માટેનું કે ગુજરાતને દેશનું વિકાસનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે એમ કહી શકાય ?

ગુજરાત કરતાં અન્ય નાના રાજ્યો જેવા કે મેઘાલય, બિહાર, એમ.પી., પોંડીચેરી આગળ છે. તો કયા આધાર ઉપર ગુજરાત ગ્રોથ એન્જિનના દાવા કરવામાં આવે છે તેવો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે ગ્રોથ એન્જિન એને કહેવાય જે તમામ ક્ષેત્રોમાં નંબર વન હોય. આટલા વર્ષોમાં ગુજરાત એક પણ વખત નંબર વન નથી રહ્યુ. ફક્ત જાહેરાતોમાં જ વિકાસ વિકાસ વિકાસ અને સૌનો સાથ સૌનો વિકાસ બતાવવામાં આવે છે. પણ આ ગુજરાતમાં તમે ૧૩માં નંબરે પણ આખા દેશમાં નથી.



લીંબડીયા ગ્રામજનો અને આગેવાનો દ્વારા ગામમાં સ્વાઈન ફલુનો ઉકાળો બનાવવામાં આવ્યો હતો અને ગામના ૧૦૦૦ જેટલાં લોકોએ અઠવાડિયામાં બીજીવાર ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો અને પ્રા. શાળાના તથા આંગણવાડીના ૨૫૦ વિદ્યાર્થીઓને આયુર્વેદિક પોટલીઓ બનાવીને વહેંચવામાં આવી હતી. સ્વાઈનફલુના કહેરથી બચવાં દરેક ગામોમાં આવા ઉકાળા બનાવવાની હોડ જામી છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

## મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં

# ચેરમેન પ્રભુદાસ પટેલ સહિત વાઈસ ચેરમેન મળી ૧૨ ડેલીગેટ બીનહરીફ

(સમીર બલોચ) મોડાસા, તા.૨૭

અરવલ્લી જીલ્લા ના મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘની ચુટણી પહેલા જ વર્તમાન ચેરમેન અને વાઈસ ચેરમેન સહિત ૧૨ જેટલા ડેલીગેટ બીનહરીફ ચુંટાઈ આવતા તમામ અટકળોનો અંત આવી ગયો છે.

મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘ લિ.માં વ્યવસ્થાપક સમિતિના મંડળી વિભાગના ૧૩ તેમજ ૩ વ્યક્તિ સભાસદોની ચુટણી માટે ભરાયેલ ઉમેદવારી ફોર્મ પાછા ખેચવાની તારીખ પછી પરીસ્થીતી પ્રમાણે સંઘમાં ત્રણ વ્યકતિ સભાસદ મંડળી ના અને મંડળી વિભાગમાંથી નવ સભ્યો મળી કુલ ૧૨ જેટલા સભ્યો બિન હરિફ ચુંટાઈ આવતા ખુશીનો મોજુ ફરી વળ્યુ હતુ.

મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘની ચુંટણી માટે મંડળી વિભાગમાંથી ૧૩ વોર્ડમાંથી ૧૩ સભ્યોની ચુંટણી માટે અને ત્રણ વ્યકતી સભાસદોની ચુંટણી માટે ઉમેદવારીપત્રો ભરાયા પછી પાછા



ખેચવાની તારીખે સમય પુરો થયા પછીની પરીસ્થીતી પ્રમાણે મંડળી વિભાગમાંથી ૧૩ પૈકી ૯ વોર્ડ બિનહરીફ થયા હતા. જેમાં વર્તમાન ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ સહિત જેઠાભાઈ છગનભાઈ પટેલ ખેતી બેકના ચેરમેન પુનમભાઈ હીરાભાઈ પટેલ, રબારી સાગરભાઈ, જીલ્લા પંચાયત સદસ્ય અરૂણભાઈ ઈશ્વરભાઈ પટેલ, ભગાભાઈ પટેલ, હસમુખભાઈ ઉપાધ્યાય અને નરસીહભાઈ પંચાલનો સમાવેશ થાય છે.

જયારે બિનહરીફ ચુંટાયેલા ત્રણ વ્યકતિ સભાસદોમાંથી જીલ્લા બેંક ડીરેકટર પંકજભાઈ પટેલ સંઘના વર્તમાન વાઈસ ચેરમેન નટુભાઈ પટેલ અને જયંતીભાઈ પટેલ (મુખી)નો સમાવેશ થયા છે જયારે તા. ૩-૩-૧૫ના રોજ યોજાનાર ચુંટણીમાં સંઘની મંડળી વિભાગમાંથી ચાર વોર્ડની ચુંટણી યોજાશે. જેમાં વોર્ડ નંબર ૧, ૫, ૧૧ અને ૧૨ નંબરના વોર્ડમાં ચુંટણી યોજાશે.

# વડવાસા બ્રિટીશ હત્યાકાંડમાં તમામ આરોપીઓ નિર્દોષ

હિંમતનગર, તા. ૨૭

બહુચર્ચિત વડવાસા હત્યાકાંડ પ્રકરણમાં એસ.આઈ.ટી. સમક્ષ કેસ ચાલી જતાં ઈન્વેસ્ટીગેશન એજન્સી પર્યાપ્ત પુરા રજુ ન કરી શકતાં આજે તમામ ૬ આરોપીઓને સાક્ષી-પુરાવાને અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સુપ્રિમ કોર્ટની સુચના બાદ એસ.આઈ.ટી. એ ભારતીય મૂળના ત્રણ બ્રિટીશ નાગરિકો સહિત ચાર જણાની હત્યાના મામલે ૬ જણા વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે, વર્ષ ૨૦૦૨માં થયેલ ગોધરાકાંડની પ્રિતિક્રિયા રૂપે સમગ્ર ગુજરાતમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. ૨૭ ફેબ્રુઆરીના એક દિવસ બાદ ૨૮ ફેબ્રુઆરીએ મૂળ ભારતીય બ્રિટીશ નાગરિકો સહિત ચાર જણાની સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વડવાસા નજીક હત્યા કરવામાં આવી હતી. સમગ્ર હત્યાકાંડ મામલે એસ.આઈ.ટી.માં રજુ કરવામાં આવેલ તહોમત નામાની વિગત એવી છે કે ફરીયાદી ઈમરાન મહંમદ સલીમ રહે. ઈંગ્લેન્ડ(મૂળ રહે. નવસારી) બનાવ અગાઉ પંદર દિવસથી પોતાના વતનમાં આવેલ હતા અને બનાવના પાંચ દિવસ પહેલાં તેઓ તેમના કાકા શકીલ અબ્દુલ, સઈદ શકીલ દાઉદ તથા સંબંધી મહંમદ અસવાર તેમ ચાર જણા સુમો જીપ ગાડી નંબર જીજે.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



૨૧.૧૪૧૪ ભાડે કરીને આગ્રા, જયપુર વગેરે જગ્યાએ ફરવા ગયા હતા. ગાડીના ડ્રાઈવર યુસુફ પેલાધર હતો. જયપુરથી નવસારી પરત જવા નીકળ્યા હતા ત્યારે ૨૮મી ફેબ્રુઆરીએ સાંજે છ એક વાગ્યાના સુમારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજથી અમદાવાદ તરફ ૫ કિ.મી.ના અંતરે વડવાસા ગામ નજીક એક ટોળાએ જીપને અટકાવી હતી અને જીપમાં બેઠેલાઓના નામ વગેરે પુછી બહાર કાઢી ધારીયા, લાકડીઓ, છરી જેવા જીવલેણ હથિયાર વડે માર મારવા લાગેલ. જેમાં ફરીયાદીને માથામાં પાછળના ભાગે લાકડી મારી તદ્ઉપરાંત મહંમદ અસવારના માથામાં ઈજાઓ પહોંચાડી નીચે પાડી દીધા હતા. જીપના ડ્રાઈવર યુસુફભાઈને પણ લાકડી, ધારીયા વગેરેથી પ્રહાર કરી જીવલેણ ઈજાઓ પહોંચાડાતા સ્થળ પર જ મૃત્યુ પામેલ તથા જીપ સળગાવી દીધી હતી. ઈજાગ્રસ્ત મહમદ અસવારનું પણ સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું.

ઘટનાસ્થળ પર ભયનું વાતાવરણ ઉભું થવાને કારણે સકીલ અબ્દુલ દાઉદ તથા સઈદ સકીલ દાઉદ બીકના માર્યા ખેતરમાં ભાગી ગયા હતા. તેમને પણ ટોળાએ ઈજાઓ પહોંચાડી હતી. સુપ્રિમ કોર્ટમાં માર્ગદર્શન હેઠળ ગઠિત કરવામાં આવેલ એસ.આઈ.ટી.એ મૂળ ભારતી ત્રણ બ્રિટીશ નાગરિકો સહિત કુલ ચાર જણાના હત્યાકાંડ મામલે મીઠાભાઈ પશાભાઈ પટેલ, ચંદુભાઈ ઉર્ફે પ્રહલાદભાઈ પ્રભુદાસ પટેલ, રમેશભાઈ માધાભાઈ પટેલ, મનોજકુમાર કેશવલાલ પટેલ, રાજેશકુમાર બાબુભાઈ પટેલ, કાળાભાઈ હીરાભાઈ પટેલ તમામ રહે. વડવાસા, તાજપુર અને પ્રાંતિજ વિરૂદ્ધ ૧૩ જુલાઈ ૨૦૦૯ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. આ અંગેનો કેસ ચાલી જતાં આજે સત્ર ન્યાયાધીશ આી.સી. શાહે ફરીયાદ પક્ષ પુરાવા રજુ કરાવમાં અને તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડતાં તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો. ફરીયાદ પક્ષે સ્પેશ્યલ પ્રોસીક્યુટર તરીકે આર.સી. કોડેકરનો નિયુક્ત કરવામાં આવ્યા હતા. જ્યારે બચાવ પક્ષના વકીલ તરીકે હિંમતનગરના જાણીતા ધારાશાસ્ત્રી રશ્મીકાન્ત પંડ્યાએ ધારદાર દલીલો કરી હતી. બહુચર્ચિત વડવાસા હત્યાકાંડ પ્રકરણમાં સમય અને નાણાનો વ્યય થતા છતાં ઈન્વેસ્ટીગેશન ટીમ પર્યાપ્ત સાક્ષી પુરાવા રજુ ન કરી શકવાની બાબત ચર્ચાસ્પદ બની રહેવા પામી હતી.

# માલપુરમાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભાર્થીઓના ઘરે ઘરે જઈ ઓપરેટરે ફોટા પાડયા છતાં પગલા કેમ નહીં? પ્રજામાં રોષ

મોડાસા, તા.૨૭

અરવલ્લી જિલ્લાના માલપુર મામલતદાર કચેરીમાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાના કાર્ડ કાઢવા માટે આર્થિક લાભ લઈને મામલતદાર કચેરીના બદલે ઘેર ઘેર જઈ ફોટા પાડવાનું અનોખું રેકેટ ઝડપાયું છે. ઉચ્ચ કક્ષા સુધી રજુઆત કરવા છતાં ઓપરેટર સામે પગલાં ન ભરાતાં જનતામાં રોષ વ્યાપ્યો છે. આ કાર્ડ કાઢનારી કામગીરી કરનાર એજન્સીનું લાયસન્સ રદ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં માલપુર મથકે આવેલી મામલતદાર કચેરી દ્વારા મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભાર્થીઓને કાર્ડ કાઢી આપવા માટે જનસેવા કેન્દ્રમાં સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. જયાં ૧.૨૦ લાખથી ઓછા આવક ધરાવતા પરીવારોના લાઈનમાં ઉભા રાખી ક્રમબધ્ધ ફોટા પાડવામાં આવે છે પણ આ જનસેવા કેન્દ્રના કાર્ડ કાઢવા માટે નિયુકત કરેલી એજન્સીના ઓપરેટર તરીકે કામ કરતા ઈશ્વર મકવાણા દ્વારા ૪૪થી વધુ વ્યકિતઓનો આર્થિક લાભ લઈ લાભાર્થીઓને મામલતદાર કચેરીમાં આવ્યા વગર તેમના રહેઠાણ સ્થળે જઈ અનુકુળતા મુજબ ફોટા પાડવાનું એક રેકેટ બહાર આવ્યું છે. જેમાં અણીયોરના મોહનભાઈ પરાગભાઈ વણકર નામના લાભાર્થીનો અમૃતમ કાર્ડમાં આઈ.ડી. નં. ૦૫૪૦૦૦૧૬૦૨૧ છે. તેમના ફોટા ઉપર નજર કરીએ તો તેમના પત્નિ એક બાળક સહિત ૩ વ્યકિતના ફેમીલી ફોટામાં પાછળના ભાગે ઘરમાં લટકાવેલ કપડા પણ સ્પષ્ટ જોઈ શકાય છે. જેના પરથી સાબિત થાય છે કે આ અમૃતમ યોજનાના કાર્ડ કાઢી આપનાર ઓપરેટરે મામલતદાર કચેરી સિવાય લાભાર્થીઓના ઘરે જઈ અનઅધિકૃત રીતે ઘરે જઈ ફોટા પાડવામાં આવ્યા છે.

આ તો માત્ર એક ઉદાહરણ છે પણ આરોગ્ય તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તો આવા ૪૪થી વધુ ફોટા ઓપરેટરે ઘેર ઘેર જઈ પાડયા હોવા છતાં આજ સુધી કેમ ઉચ્ચ અધિકારીઓએ તપાસ કરી નથી આ અંગે પણ માલપુર તાલુકાના પ્રજાજનો વિચારતા રહી ગયા છે. માલપુર તાલુકાના પ્રજાજનોએ માંગ કરી છે કે અરવલ્લી જિલ્લા કલેકટર દ્વારા આ અંગે તપાસનો આદેશ કરી માલપુર તાલુકાની મામલતદાર કચેરીએ ચાલતી અમૃતમ કાર્ડ કાઢનાર ઓપરેટરની ગેરરીતી સામે પગલાં ભરી તાત્કાલિક આ ઓપરેટરને છુટો કરવામાં આવે તેવી માંગ કરી હતી.

## અરવલ્લી જિલ્લા યુવા કોંગ્રેસની ચિંતન બેઠક યોજાઈ

મોડાસા, તા. ૨૭

સમગ્ર દેશભરમાં અને ગુજરાત રાજ્યમાં કોંગ્રેસને નડેલી મુશ્કેલીઓ અને આગામી સમયમાં અરવલ્લી જિલ્લામાં યોજાનારી પંચાયત રાજની ચૂંટણી માટે રણનીતિ ઘડવા અને સંગઠનને મજબૂત કરવા અરવલ્લી જિલ્લા યુવા કોંગ્રેસે કવાયત હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં યુવક કોંગ્રેસ દ્વારા સંગઠનની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આવનારા દિવસોમાં તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતની આવનારી ચૂંટણીમાં સફળતા મેળવવા અંગે તેમજ યુવક કોંગ્રેસના કાર્યકરોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ યુવક કોંગ્રેસની મીટીંગમાં જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, અરવલ્લી જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા અરૂણભાઈ પટેલ, જિલ્લા સદસ્ય બળવંતસિંહ રાઠોડ, દધાલિયા તાલુકા પંચાયત કીટના જીગર મહેતા, હિંમતનગર શહેર કોંગ્રેસ પૂર્વ પ્રમુખ હેમંત સોની, યુસુફભાઈ બચ્ચા, કાન્તીભાઈ વિરાડી, નરેશ ડામોર વગેરે યુવક કોંગ્રેસના કાર્યકરોની ઉપસ્થિતિમાં મોડાસા તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે ચેતનભાઈ દેસાઈની નિમણુંક કરી હતી.

## સેક્ટર-૧માં મફત ધ્યાન યોગ શિબિર

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રી શક્તિ પીઠ દ્વારા ધ્યાન યોગ શિબિર યોજવામાં આવશે. આગામી ૧ માર્ચથી ૧૦ માર્ચ સુધી દરરોજ સવારે ૭.૦૦ થી ૮.૧૫ દરમિયાન સે. ૧ સ્થિત ગાયત્રી શક્તિપીઠ ખાતે મફત ધ્યાનયોગ શિબિર યોજાશે. શિબિરમાં પ્રાણાયામ, વિવિધ બિમારીઓ વિશે ઉપચાર, યોગાસન વિશે માહિતી આપવામાં આવશે. મોટી સંખ્યામાં નગરજનોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## પાલનપુર સિવિલમાં દર્દીઓને ફ્રુટનું વિતરણ કરાયું

પાલનપુર, તા.૨૭

રાજયના આરોગ્ય મંત્રી અને વાવના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીના સ્વાસ્થ્યની કામના માટે આજે જિલ્લા યુવા મોરચા દ્વારા સિવિલ હોસ્પિટલમાં ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યુંહતું. આ કાર્યક્રમમાં જિલ્લા યુવા મોરચાના જિલ્લા પ્રમુખ અમૃત દવે, હિતેશ ચૌધરી, દશરથસિંહ સોલંકી સહિતના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

# લક્ષ્મીપુરાની હોસ્પિટલમાં મહિલાના પેટમાંથી ૩ કિલોની વજનદાર ગાંઠ ડૉક્ટરોએ દૂર કરી

લક્ષ્મીપુરા, તા. ૨૭

ખેડબ્રહ્મા નજીકના લક્ષ્મીપુરા સ્થિત કે.એલ. હોસ્પિટલમાં ડૉક્ટરો રાજસ્થાનની ૩૫ વર્ષીય મહિલાના પેટમાં રહેલી ૩ કિલોની ગાંઠ ઓપરેશન કરી દૂર કરી હતી.

રાજસ્થાનના ડુંગરપુરની ૩૫ વર્ષીય મહિલા સૂરતાબેન મીણા અસહ્ય પેટના દુખાવાથી પિડાતી હતી. દિવસે ને દિવસે પીડા વધુ થતા મહિલાના પરિવારજનો તેણીને લઈ ખેડબ્રહ્મા પાસેના લક્ષ્મીપુરા સ્થિત કે.એલ. હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં તબીબ ભાવિક મોદીએ દર્દીના તમામ રીપોર્ટ કરી પેટમાં રહેલી ગાંઠને દૂર કરવા ઓપરેશન કરવાની સલાહ આપી હતી. આથી પરિવારજનો પણ સહમતી આપી હતી. હોસ્પિટલના ડૉ. ભાવિક મોદીએ કનુભાઈ તરાલ અને સ્ટાફના કર્મીઆની મદદથી બે કલાકની લાંબી જહેમત બાદ



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, ખેડબ્રહ્મા)

૧૫x૧૫ સે.મી.ની ૩ કિલો વજન ધરાવતી ગાંઠ દર્દીના પેટમાંથી દૂર કરી હતી. અને દર્દીને પીડામુક્ત કરી હતી. હોસ્પિટલના તબીબના સફળ ઓપરેશન બદલ હોસ્પિટલ ટ્રસ્ટીઓ અને દર્દીના પરિવારજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

## શબ્દાવલી - ૫૬૫૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ■ | ૫ |
| ૬ | | | ■ | ૭ | | | |
| | ■ | ૮ | ૯ | ■ | | ■ | ■ |
| ■ | ૧૦ | ■ | ૧૧ | | | ૧૨ | ૧૩ |
| ■ | ૧૪ | | | ■ | ■ | ૧૫ | |
| ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | ■ | ■ | |
| ૧૯ | | ૨૦ | ■ | ૨૧ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | | | ■ | ૨૫ | | ■ |

### આડી ચાવી

- ૧. ધમકી, લુખ્ખી (૪)
- ૬. એક શાક કે ફળ (૩)
- ૭. કૃતકૃત્ય, સફળ (૪)
- ૮. ચામડી (૨)
- ૧૧. પોશાક, પહેરવાની રીત(૫)
- ૧૪. રસદાર, રસવાળુ (૩)
- ૧૫. વગડો, રેતીનું મેદાન (૨)
- ૧૬. એક ઘાસ જેની ચટ્ટાઇ બને (૨)
- ૧૭. ... કરવું, તાળું મારવું(૨)
- ૧૯. ખેલ (૩)
- ૨૧. જંગલી ગધેડો (૪)
- ૨૪. નાનકડા લાલ બોર (૪)
- ૨૫. શારીરિક ખામી (૨)

### ઊભી ચાવી

- ૧. દાટવું તે, .... કરવું (૩)
- ૨. એક વજનનું માપ (૨)
- ૩. દાસપણું, નોકર (૩)
- ૪. એક ધાર્મિક યાત્રાધામ(૪)
- ૫. અર્જુનનું એક નામ (૨)
- ૯. કુશામત, ચીબાવલાપણું(૪)
- ૧૦. જેના સ્પર્શથી લોઢુ સોનું બને (૫)
- ૧૨. દુશ્મની (૨)
- ૧૩. શરીરને શોભાવનાર આભૂષણ (૪)
- ૧૬. વપરાશ, ખરચ (૩)
- ૧૮. નાનું (૨)
- ૨૦. ચલમનો તવો (૨)
- ૨૨. વાંધો, તકલીફ (૨)
- ૨૩. ઘાસ, સુકું ઘાસ (૨)

### શબ્દાવલી ૫૬૫૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) કૌમુદી (૩) ખરખરો (૬) કદર (૭) ટાલ (૮) વકરો (૧૦) પાટો (૧૧) છાનુછપનુ (૧૩) ડામચીયો (૧૫) કતલ (૧૭) તન (૧૮) ગપગોળા (૨૦) રહેમત (૨૧) દવલુ

**ઊભી ચાવી :-** (૧) કૌરવ (૨) દીકરો (૩) ખર (૪) ખટાટોપ (૫) રોલ (૯) કરામત (૧૦) પાછલુ (૧૧) છાયો (૧૨) નુતન (૧૩) ડાકઘર (૧૪) ચીલ (૧૬) કૂપ (૧૭) તળાવ (૧૮) ગત (૧૯) ગોદ

## સદ્‌વિચાર પરિવારે પુસ્તક વિતરણ કર્યા

ગાંધીનગર સદ્‌વિચાર પરિવાર દ્વારા આદર્શ નિવાસી શાળામાં પુસ્તકોનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું. સેકટર-૮ આદર્શ નિવાસી શાળામાં ધોરમ-૧૦, ૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સદવિચાર પરિવાર દ્વારા બોર્ડના તમામ વિદ્યાર્થીઓને સ્વામિ વિવેકાનંદના જીવંત પરના પુસ્તક અને અંગ્રેજી ડીકશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## મેકસે અમદાવાદમાં એકસકલુઝિવ સમાર્ટકેર સેન્ટર્સનો પ્રારંભ કર્યો

ભારતમાં ઉચ્ચ ગુણવત્તાના મોબાઈલ ફોન અને એસેસરીઝના ઉત્પાદન અને વેચાણ ક્ષેત્રે અગ્રણી કંપનીઓ પૈકીની એક મેકસ મોબિલિંક પ્રાઈવેટ લિમિટેડે અમદાવાદમાં એકસકલુઝિવ સ્માર્ટકેર સેન્ટર્સના પ્રારંભની જાહેરાત કરી છે. આ ઉદ્યોગમાં પહેલી જ વખત કોઈ ભારતીય કંપનીએ પોતાની માલિકીના તથા પોતાના દ્વારા સંચાલિત સર્વિસ સેન્ટર્સનો પ્રારંભ કર્યો હોય એવી આ સૌ પ્રથમ ઘટના બની રહેશે. આ સર્વિસ સેન્ટર્સ વર્ષ ૨૦૧૫ના જાન્યુઆરીથી ગ્રાહકો માટે ખુલ્લાં છે. અમદાવાદ, પુણે, નવી દિલ્હી, રાયપુર, નાગપુર, જયપુર, ચેન્નાઈ, હૈદરાબાદ, વિજયવાડા, બેંગ્લોર, ઈન્દોર, નાગપુર, કોલકાતા, ગુવાહાટી, ભુવનેશ્વર અને મુંબઈમાં ૧૫ એકસકલુઝિવ સ્માર્ટકેર સેન્ટર્સનો પ્રારંભ થઈ રહ્યો છે. શ્રી અજય આર. અગરવાલે જણાવ્યું હતું કે 'મેકસમાં અમને લાગે છે કે ગ્રાહક સેવા એ ગ્રાહકોનો ભરોસો જીતવા અને બ્રાન્ડનો વિકાસ કરવામાટેનું બેક-એન્ડનું નહી પણ ફ્રન્ટ એન્ડ સાધન અને વ્યૂહરચના છે.

## અનોખી વિદાય...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલાકારોએ ભરપૂર ગરબાની રમઝટ બોલાવી હતી. યુવક-યેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ તરીકેનો કાર્યભાર તેઓ સંભાળતા હતા. ૨૮મી ફેબ્રુઆરીએ સરકારમાં ચોથા શનિવારની રજા હોવાથી તેઓ આજે નિવૃત્ત થયા છે. શ્રી ભાગ્યેશ જહાને આજે સચિવાલય સંકુલ બહાર અપાયેલ યાદગાર વિદાયને કર્મચારીઓએ પણ બિરદાવી હતી.

અધિકારી હોવા ઉપરાંત અચ્છા વક્તા, અભિનેતા, કવિ, નિબંધકાર તરીકેની આગવી ઓળખ તેમણે ઉભી કરી હતી. તેમના તાજેતરમાં ત્રણ પુસ્તકોનું વિમોચન પણ થયું છે. શનિવારે તેઓ વડોદરામાં યોજાયેલ રાષ્ટ્રીય સંસ્કૃતિ સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે સરકારના સચિવ તરીકેનું પ્રવચન આપશે.

## અધિકૃતતા અંગે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વહેંચણીમાં વિસંગતતા તેમજ એક જ વ્યક્તિના નામ, સ્થળાંતર થવાના કારણે, એક કરતાં વધુ જગ્યાએ હોય તેવી નોંધો રદ કરવા અંગેની વ્યવસ્થા ગોઠવવામાં કેટલાક રાજ્યોમાં ક્ષતિઓ હોવાનું ધ્યાન પર આવેલ છે. આ વિસંગતતાઓ દૂર કરવા અને ક્ષતિરહીત અને અધિકૃત મતદાર યાદી તૈયાર કરવાના હેતુસર ભારતના ચૂંટણી પંચ 'રાષ્ટ્રિય મતદાર યાદીની શુદ્ધતા અને અધિકૃતતા યોજના' સ્પષ્ટ ધ્યેય અને સમય-મર્યાદા સાથે તા. ૨-૩-૨૦૧૫થી અમલમાં મુકવાનું નક્કી કરેલ છે.

ચૂંટણી સાથે સંકળાયેલ અધિકારીઓ જેવા કે બુથ લેવલ ઓફિસર, મતદાર નોંધણી અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારી વગેરે કે જેઓએ ત્રણ જુદી જુદી કેટેગરી જેવી કે અધિકૃતતા, સુધારણા અને બેવડાયેલ નોંધોને રદ કરવાની કામગીરીમાં સિદ્ધિ પ્રાપ્ત કરી હશે તેમને પ્રોત્સાહિત કરવા માટે એવોર્ડ આપવાનું પણ ચૂંટણી પંચે જાહેર કરેલ છે. NERPAP કાર્યક્રમ દ્વારા તા. ૨-૩-૨૦૧૫ થી ૩૧-૭-૨૦૧૫ સુધીમાં મતદાર યાદીને ક્ષતિરહિત અને અદ્યતન બનાવવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ નિયત સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે માટે રાજ્યની દરેક કોલેજના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતાં અને રાષ્ટ્રિય સેવા યોજના સાથે સંકળાયેલ વિદ્યાર્થીઓની કેમ્પસ એમ્બેસેડર્સ તરીકે નિયુક્તિ કરીને એનએસએસ, રાષ્ટ્રીય સાક્ષરતા મિશન, નહેરુ યુવા કેન્દ્રો, એનસીસી, ગ્રામ કક્ષાની પાણી સમિતિ, મહિલા બાળ વિકાસ, જિલ્લા પુરવઠા તંત્ર, મધ્યાહન ભોજન યોજના, નગરપાલિકા અને મહાનગરપાલિકા વગેરેનો સહયોગ લેવામાં આવશે.

## ફિલ્મ માણી રહ્યા છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડીડી ગીરનાર ચેનલ પર રોજ રાત્રે ૮ વાગે દર્શાવાઈ રહી છે. બાળ ફિલ્મ મહોત્સવમાં આયોજિત વર્કશોપ્સમાં ફિલ્મ નિર્માણની કળા અને એનીમેશન ફિલ્મ કેવી રીતે કાર્ય કરે છે જેવી બાબતોને આવરી લેવાઈ છે. આ ઉપરાંત ઓડિયો, વિડિયો અને ન્યુ મિડિયાના કાર્યક્રમોનું સ્ક્રિનીંગ વગેરેનું આયોજન કરાયું છે. જેમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાના શિક્ષકો-પ્રશિક્ષકો, તાલીમાર્થીઓ, અધ્યાપકો અને અન્ય રસ ધરાવતા નગરજનો ઉત્સાહથી ભાગ લઈ રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે બાળ મહોત્સવમાં બ્લોગર્સ વર્કશોપમાં વિચારોનું આદાન પ્રદાન તેમજ ટેકનોલોજીના અસરકારક ઉપયોગ અંગે માર્ગદર્શનુ આપવામાં આવ્યું હતું. આ બાળ ફિલ્મ મહોત્સવનું આયોજન ગાંધીનગર કલ્ચરલ ફોરમ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સહકારથી જીઆઈટી દ્વારા કરાયું છે.

## સર્વે સંપન્ન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેલી ઓ.પી.ડી.માં નોંધાતા દર્દીઓને કેમ ધ્યાને નથી લેતી તેવી ચર્ચા ચાલી રહી છે. દરમ્યાન જિલ્લામાં આયુર્વેદના ઉકાળા સતત લોકપ્રિય બની રહ્યા છે. ગ્રામજનો દ્વારા આ ઉકાળાના સેવન માટે સારો પ્રતિસાદ સાંપડી રહ્યાનું પણ જાણવા મળેલ છે. જો કે આ સર્વેના આંકડાઓ જ ધ્યાને લઈએ તો જિલ્લામાં સ્વાઈન ફલુ ઉપરાંત વાઈરલના દર્દીઓ પણ મોટી સંખ્યામાં નોંધાઈ રહ્યા છે છતાં તંત્ર સબ સલામતની જે આહલેક જગાવે રાખે છે તેની સામે લોકોમાં રોષ છે.